निर्विकल्पसमाधिके घातक मनके संकल्प–विकल्पोंको त्यागकर हे प्रभाकर भट्ट, तू शुद्धात्माका अनुभव कर। ऐसा ही दूसरी जगह भी कहा है – ''अक्खाणेति'' इसका आशय इस तरह है, कि इन्द्रियोंमें जीभ प्रबल होती है, ज्ञानावरणादि आठ कर्मोंमें मोह कर्म बलवान होता है, पाँच महाव्रतोंमें ब्रह्मचर्य व्रत प्रबल है और तीन गुप्तियोंमेंसे मनोगुप्ति पालना कठिन है। ये चार बातें मुश्किलसे सिद्ध होती हैं।।२२।।

---

હવે, મંત્રવાદશાસ્ત્રમાં વ્યવહારધ્યાનના વિષયભૂત જે ધારણા, ધ્યેય, યંત્ર, તંત્ર, મંત્ર, મંડલ, મુદ્રાદિક કહ્યાં છે તેનો નિર્દોષ પરમાત્માની આરાધનારૂપ ધ્યાનમાં નિષેધ કરે છે :

ભાવાર્થ : અતીન્દ્રિય સુખના આસ્વાદથી વિપરીત જિહ્વેન્દ્રિયના વિષયને, નિર્મોહ શુદ્ધ આત્મસ્વભાવથી પ્રતિકૂળ મોહને, વીતરાગ સહજાનંદરૂપ પરમસમરસીભાવસ્વરૂપ સુખરસના અનુભવથી પ્રતિપક્ષ નવ પ્રકારના અબ્રહ્મચર્યવ્રતને (કુશીલને) અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના ઘાતક મનના સંકલ્પ-વિકલ્પની જાળને જીતીને હે પ્રભાકરભટ્ટ ! તું શુદ્ધ આત્માનો અનુભવ કર એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે :

[1]अकखाण रसणी कम्माण मोहणी तह वयाण बंभं च। गुत्तीसु य मणगुत्ती चउरो दुक्खेहिं सिज्झंति।।

અર્થ : ઇન્દ્રિયોમાં જીભ પ્રબળ છે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમાં મોહનીય બળવાન છે તથા પાંચમહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત પ્રબળ છે અને ત્રણ ગુપ્તિઓમાં મનોગુપ્તિ પાળવી કઠણ છે; એ ચારે ભાવો મુશ્કેલીથી સિદ્ધ થાય છે. ૨૨.

---

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૯, રવિવાર**
**તા. ૨૦-૦૬-૧૯૭૬, ગાથા-૨૨-૨૩, પ્રવચન નં. ૧૩**

૨૨-ગાથા. 'પરમાત્મપ્રકાશ'

**२२) जाणु ण धारणु धेउ ण वि जासु ण जंतु ण मंतु।**
**जासु ण मंडलु मुद्द ण वि सो मुणि देउँ अणंतु।।२२।।**

આહાહા..! 'આગે ધારણા, ધ્યેય, યંત્ર, મંત્ર, મંડલ, મુદ્રા આદિક વ્યવહારધ્યાનકે વિષય મંત્રવાદ શાસ્ત્રમેં કહે ગયે હૈં, ઉન સબકા નિર્દોષ પરમાત્માકી આરાધનારૂપ ધ્યાનમેં નિષેધ કિયા હૈ.' આહાહા..!

**અન્વયાર્થ :- 'જિસ પરમાત્માકે...'** ભગવાન પરમસ્વરૂપ જે અનંત આનંદ, એવી જે

---

૧. અનગાર ધર્મામૃત પૃ. ૨૬૨, હિન્દી પૃ.૪૦૩

દિવ્ય શક્તિરૂપ સ્વરૂપ એ '**કુંભક, પૂરક, રેચક નામવાલી વાયુધારણાદિક,...**' એનાથી પણ પ્રાપ્ત થાય એવું નથી. આહાહા..! જુઓ! '**ધારણાદિક નહીં હૈ,...**' કોઈ ધારણા કે કુંભક, રેચકથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી, કહે છે. આહાહા..! આમાં એ સિદ્ધ કરવું છે કે જે પરમાત્મસ્વરૂપ ધ્રુવ નિત્ય છે એનો આશ્રય કર્યે જ આત્મધર્મ પામી શકે છે. એને કોઈ વ્યવહારના વિકલ્પો હોય તો ધ્યાન થાય, એમ ના પાડે છે. અહીં ઝીણી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં ના પાડે છે, બીજે ઠેકાણે...

ઉત્તર :- બીજે ના જ પાડી છે. બીજે વ્યવહાર છે એમ જણાવ્યો છે. આહાહા..! આવી વાત (છે).

મુમુક્ષુ :- એને સાધન કીધું છે.

ઉત્તર :- એ સાધન વ્યવહારથી, ઉપચારથી કહ્યું છે. છે નહિ એને નિમિત્તનું સહચર દેખીને (સાધનુ કહ્યું છે). આવે છે .. ? એ સાતમા અધ્યયનમાં આવે છે. 'ટોડરમલજી' 'મોક્ષમાર્ગ પ્રકાશક'. .. એમ લીધું છે કે આ સર્વત્ર આ લક્ષણ જાણવું. છે ને ત્યાં? આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન, એ તો સ્વ ચૈતન્યમૂર્તિ પરમદેવ અનંત આનંદનો નાથ ભગવાન, એના ધ્યેય અને આશ્રયે પ્રગટ થાય છે. એને સાચું સમકિત કહેવામાં આવે છે. પણ જોડે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. સહચર દેખી ઉપચારથી તેને સમકિતનો આરોપ આપ્યો, વ્યવહારથી. છે નહિ.

મુમુક્ષુ :- છે નહિ ને ઉપચાર કરીને કહેવું...

ઉત્તર :- અહીં છે એનો ઉપચાર કરવો છે. માલ તોળાય ભેગો કોથળો તોળાય છે. કોથળો સમજો છો? બોરી. ચોખાની બોરી હોય છે ને? ચાર મણ અને અઢી શેર (એમ બોલે). તો ચાર મણ તો ચોખા છે અને અઢી શેર બોરી છે. સાથે કહેવામાં આવે છે. પણ એ બોરી ચોખા નથી કાંઈ. ચોખા અઢી શેર ઘટે તો એ કાંઈ બોરી રાંધવામાં કામ આવે?

મુમુક્ષુ :- પણ ચોખા બોરીમાં તો રહે છે ને?

ઉત્તર :- નહિ. ચોખા ચોખામાં રહે છે. બોરીમાં નહિ અને બોરીને લઈને નહિ. આવી એ વાતું. હજી તો લોકોને નિમિત્તથી થાય... નિમિત્તથી થાય.

અરે..! પ્રભુ! અહીં તો કહે છે.. આહાહા..! એ ધારણા કોઈ અંદર રાખે કે આમ છે ને આવો છે ને આવો છે. એનાથી પણ એ પ્રાપ્ત થાય એવો નથી. બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રયની ધારણા જે વિકલ્પમાં હોય છે, એનાથી પ્રાપ્ત થાય એવો પણ નથી. આહાહા..! એ નિરાલંબી ચીજ એવી છે કે એના ધ્યાનમાં બીજાની કોઈ અપેક્ષા છે જ નહિ, એમ કહે છે. કહ્યું ને?

'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથા. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' આ શું કહે છે? જુઓને! બે પ્રકારનો મોક્ષમાર્ગ કથનરૂપે છે ને એટલે (બે પ્રકાર કહ્યા), ધ્યાનમાં મળે છે. એટલે? આત્મા સીધો સ્વભાવનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન કરે છે. એમાં રાગ બાકી રહ્યો તેને, ધ્યાનમાં પણ રાગ બાકી રહ્યો તેને ઉપચાર વ્યવહાર કહેવામાં આવે છે.

આહાહા..! આવી ચીજ ભારે ભાઈ! હજી તો અહીં નિમિત્તથી થાય અને આમ છે ને તેમ છે, ઝઘડા. આ વ્યવહારનું નિમિત્ત છે એનાથી ન થાય એમ કહે છે. નિમિત્ત છે ને અંદર. ઓલું બાહ્ય નિમિત્ત છે. આહાહા..! જુઓ!

'**કુંભક, પૂરક, રેચક નામાવલી વાયુધારણાદિક નહીં હૈ,...**' એમાં કંઈ નથી. આહાહા..! '**પ્રતિમા આદિ ધ્યાન કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...**' પ્રતિમા સર્વજ્ઞ ભગવાન લક્ષમાં લે અને પછી આત્માની પ્રાપ્તિ થાય એવું છે નહિ. છે? '**પ્રતિમા આદિ...**' દેવ-ગુરુ કોઈ '**ધ્યાન કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...**' આહાહા..! એ ધ્યેય અંદર છે જ નહિ. ધ્યાન તો પૂર્ણાનંદનો નાથ અનંત.. પાઠ છે ને? જુઓને! '**मुणि देउँ अणंतु**' છે? આહા..! '**मन्यस्व देवमनन्तम्।**' અનંત જેનો સ્વભાવ એવો ભગવાનઆત્મા તેને માન અને જાણ, બસ એ. આહાહા..! ઝીણી વાત નિશ્ચયની. '**પ્રતિમા આદિ ધ્યાને કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...**' અરિહંતનું જ્ઞાન લક્ષમાં લે. અરિહંત આવા-આવા. એ પણ જ્યાં અંતર આત્માને પકડવામાં કાંઈ સાધન છે નહિ. આહાહા..! બહુ આકરું કામ.

'**જિસકે અક્ષરોંકી રચનારૂપ સ્તંભન મોહનાદિ વિષયક યંત્ર નહીં હૈ,...**' ૐ એવા અંદર રચે ને? એ કાંઈ વસ્તુ છે નહિ. આહાહા..! એવા ૐ ને મંત્ર ને ભગવાનનું સ્મરણ ને એનાથી આત્મા પ્રાપ્ત થાય એવો આત્મા છે જ નહિ. મૂળ તો '**भूदत्थमस्सिदो खलु**' એ વાત સિદ્ધ કરવી છે. 'સમયસાર' ૧૧મી ગાથા. ત્રિકાળ ભગવાન અનંત જ્ઞાનમય પ્રભુ, પરમાત્મ સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય. વ્યવહારને આશ્રયે અને વ્યવહાર હોય તો થાય એમ છે નહિ. આ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**અક્ષરોંકી રચનારૂપ સ્તંભન મોહનાદિ વિષયક યંત્ર નહીં હૈ,...**' આહાહા..! '**અનેક તરહકે અક્ષરોંકે બોલનેરૂપ મંત્ર નહીં હૈ,...**' ૐ ને અરિ અ, સિ, આ, ઉ, સા. આવે છે ને બધા? એવા મંત્રો-ફંત્રોનો વિકલ્પ પણ ત્યાં નથી. આહાહા..! એવી વાત છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? નિશ્ચય પરમાત્મસ્વરૂપ જે છે એને અનુભવવા માટે આ કોઈ ચીજની એને જરૂર નથી એમ કહે છે. આહાહા..!

'**ઔર જિસકે જલમંડલ, વાયુમંડલ,...**' 'જ્ઞાનાર્ણવ'માં આવે છે. અંદર વિચાર કરે કે દરિયો આમ છે, વાયુ આમ છે. એમાં આત્મા બિરાજે છે. એવી જે જ્ઞાનમુદ્રા વગેરે મુદ્રા પણ નથી. '**ઉસે...**' હવે કહે છે. '**ઉસે...**' એટલે કોણ? ભગવાનઆત્માને '**अनन्तम्**' અનંતની વ્યાખ્યા કરી હવે. '**દ્રવ્યાર્થિકનયસે અવિનાશી...**' આહાહા..! વસ્તુ તરીકે જોતાં દ્રવ્ય એટલે વસ્તુ, એ જોતાં એ અવિનાશી ચીજ એમ ને એમ અનાદિઅનંત પડી છે. આહાહા..! પાઠમાં '**मुणि देउँ अणंतु**' એમ આવ્યું ને? એને તું અનંત જાણ. અનંતને દેવ તરીકે જાણ એમ આવ્યું ને? '**मुणि देउँ अणंतु**' અનંત દેવ તેને જાણ. આ અનંત દેવને જાણની વ્યાખ્યા કરી. આહાહા..!

'**દ્રવ્યાર્થિકનયસે અવિનાશી તથા અનંત જ્ઞાનાદિગુણરૂપ...**' વસ્તુ ભગવાનઆત્મા

વસ્તુદૃષ્ટિથી જોઈએ, જે નયને દ્રવ્યનું પ્રયોજન છે એ દ્રવ્યની દૃષ્ટિથી જોઈએ તો તે અનંત અવિનાશી તત્ત્વ એમ ને એમ છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- એ ભાવ ...

ઉત્તર :- ભાવ. વર્તમાન ભાવ એવો પૂર્ણ છે. આહાહા..! અનંત એટલે નાશ ન થાય એ તો અપેક્ષિત વાત છે. વસ્તુ વર્તમાન અવિનાશી વસ્તુ છે. આહાહા..!

'**અનંત જ્ઞાનાદિગુણરૂપ...**' ભાવ. એને '**જાનો.**' છે ને? '**देवम् मन्यस्व**' '**પરમાત્મદેવ જાનો.**' આહાહા..! '**देवम्**' એટલે પરમાત્મદેવ, '**मन्यस्व**' એટલે જાણો. આહાહા..! વસ્તુ તરીકે અવિનાશી ધ્રુવ સ્વરૂપ, એ અનંત નામ નાશ ન થાય એવી ચીજ (છે) એને દેવ તરીકે અંતરમાં જાણ. આહાહા..! આવી વાત છે. એવા પરમાત્મસ્વરૂપમાં ધ્યાનમાં ધ્યેય એને બનાવ. આહાહા..! એમ કહે છે. 'પરમાત્મપ્રકાશ' છે ને આ તો! '**देवम् मन्यस्व अनन्तम्**' જેને ધારણા ધ્યેય તંત્ર, મંત્ર નથી એવો જે ભગવાનઆત્મા '**अनन्तम् देवम् मन्यस्व**' ધ્રુવ એવો દેવ આત્મા તેને જાણ. આહાહા..!

અવિનાશી ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ એ દેવ દિવ્ય શક્તિવાન છે. એ દેવ છે- પરમાત્મા છે. એને તું જાણ. એના ઉપર દૃષ્ટિ દે. આહાહા..! આકરી વાત છે. આ બધા વ્યવહારવાળા કહે ને વ્યવહાર હોય તો થાય ને વ્યવહાર હોય તો થાય. અહીં તો ના કહી કે વ્યવહારનો તો નિષેધ થઈ જાય છે. ત્યારે એ પમાય છે. આહાહા..! વીતરાગ માર્ગ અલૌકિક છે. કોઈ લૌકિકની સાથે મેળ ખાય એવો નથી.

મુમુક્ષુ :- આ ગ્રંથ મોટા મોટા ઊંચા ગ્રંથ છે.

ઉત્તર :- ઊંચા એટલે જેવો છે તેવો છે. જે ચીજ છે એવા શબ્દ છે. પરમાત્મા એ શબ્દ છે. તો આત્મા પરમાત્મા સ્વરૂપ છે એ શબ્દને જણાવે છે. પણ જેને જાણવામાં શબ્દનું પણ અવલંબન નથી, એમ કહે છે. આહાહા..!

'**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! '**અતીન્દ્રિય આત્મીક-સુખકે આસ્વાદસે વિપરીત...**' અતીન્દ્રિય આત્મિકસુખનો સ્વાદ જે અંદર આવવો. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ જ છે. અનંત દેવ છે. એ અતીન્દ્રિય આનંદ અનંત અતીન્દ્રિય આનંદસ્વરૂપ... આહા..! એના સુખના આસ્વાદથી વિપરીત '**જીહ્વાઇંદ્રિયકે વિષય (રસ) કો જીતને નિર્મોહ શુદ્ધ સ્વભાવસે વિપરીત મોહભાવકો છોડકર...**' આહાહા..! પર તરફના વિષયના રસને છોડ અને '**નિર્મોહ શુદ્ધ સ્વભાવસે વિપરીત મોહભાવકો છોડકર ઔર વીતરાગ સહજ આનંદ પરમ સમરસીભાવ સુખરૂપી રસકે અનુભવકા શત્રુ...**' આહાહા..! અસ્તિ-નાસ્તિ કરે છે. '**વીતરાગ સહજ આનંદ પરમ સમરસીભાવ...**' ઓહોહો..! એવો સુખરૂપી રસ એના '**અનુભવકા શત્રુ જો નૌ તરહકા કુશીલ ઉસકો તથા નિર્વિકલ્પસમાધિકે ઘાતક મનકે સંકલ્પ વિકલ્પોંકો ત્યાગકર...**' જુઓ! આહાહા..!

વ્યવહારના વિકલ્પો છે એ નિર્વિકલ્પ સમાધિને ઘાતક છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ કહે છે કે વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. કઈ અપેક્ષાએ? બાપુ! ભાઈ! વીતરાગ માર્ગ, વીતરાગ સ્વભાવ એને કોઈ પામવામાં પરની અપેક્ષા છે જ નહિ. એવું જ એનું સ્વરૂપ છે. આહાહા..! બહુ સરસ વાત છે! ભગવાન અતીન્દ્રિય આનંદ સુખરૂપ, એનો જે સ્વાદ જે અતીન્દ્રિય આનંદ, એનાથી વિપરીત એ સંકલ્પ-વિકલ્પ છે. આહાહા..! વ્યવહારના જેટલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતનો રાગ.. આહાહા..! શાસ્ત્ર ભણતરનો રાગ એવા ભાવથી રહિત ભગવાન છે. અંદર ભગવાન અનંત અતીન્દ્રિય સુખના સાગરથી ભરેલો દેવ, એના અતીન્દ્રિય સ્વાદથી વિરુદ્ધ આ બધા વિકલ્પો છે, કહે છે. આહાહા..! એ વિકલ્પોથી પમાય એવો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- શત્રુ છે ..

ઉત્તર :- વેરી છે, શત્રુ છે. આહાહા..! એના બધા ઝઘડા અત્યારે. એ.. 'સોનગઢવાળા' વ્યવહારનો લોપ કરે છે. નિમિત્તથી થાય એમ માનતા નથી. સ્યાદ્વાદ જોઈએ, કથંચિત્ નિમિત્તથી થાય અને કથંચિત્ (ઉપાદાનથી થાય). અહીં તો કહે છે નિમિત્તથી નહિ પણ વ્યવહારથી ન થાય, સાંભળ! વ્યવહાર એ અંતરનું નિમિત્ત છે. આવી વાત છે, બાપુ! આહાહા..!

એમ કહે છે કે '**નિર્વિકલ્પસમાધિકે ઘાતક મનકે સંકલ્પ વિકલ્પોંકો ત્યાગકર...**' એ વ્યવહારનો વિકલ્પ કે આવો આત્મા છે ને આવો આમ છે ને આવો તેમ છે, એવો જે વ્યવહારનો વિકલ્પ છે એ નિર્વિકલ્પ સમાધિને ઘાત કરનાર છે. વર્તમાન પર્યાય, હોં! આહાહા..! નિર્વિકલ્પ સ્વરૂપ તો ભગવાન ત્રિકાળ છે પણ એને આશ્રયે થયેલી નિર્વિકલ્પ સમાધિ, એના આ શુભ વિકલ્પો ઘાતક છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! 'દેવચંદજી'! આવી વાત છે. એના ખ્યાલના જ્ઞાન ઉપર તો વાત લ્યે.

'**હે પ્રભાકર ભટ્ટ, તૂ શુદ્ધાત્માકા અનુભવ કર.**' જોયું! એ વ્યવહારના વિકલ્પને લક્ષમાંથી છોડી દે. શુદ્ધાત્મ અનંતદેવ ... જેના સ્વરૂપના ભાવની મર્યાદા નથી. એવો જેનો સ્વભાવ આનંદદળ, એવો અનંતદેવ એને જાણ. આહાહા..! વિકલ્પ-બિકલ્પને છોડી દે. વિકલ્પથી નિશ્ચય થશે એ વાત છોડી દે. આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ પણ એવી છે. જુઓને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંચ પરમેષ્ઠીને માનનારો પોતે વિકલ્પ છે એ તો. આ તો ભગવાન પોતે પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ આત્મા ત્રિકાળ છે. આહાહા..! ભાષા નથી મૂકી?

'**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ જ પ્રભુ છે. એ અનંત પરમાત્મસ્વરૂપ તેને જાણ. આહાહા..! એ તો ૧૧મી ગાથાનો વિસ્તાર કર્યો છે. ૧૧મી માં કહ્યું, '**भूदत्थमस्सिदो खलु**' વ્યવહાર-ફ્યવહારથી મળશે નહિ એ. આહાહા..! ત્યારે ૧૨મી ગાથામાં કહ્યું છે કે વ્યવહારનો ઉપદેશ કરવો. એટલે એમાંથી આ અર્થ કાઢે છે. જે નીચેની

ભૂમિકા છે એને વ્યવહારનો ઉપદેશ દેવો. એમ છે જ નહિ પણ ત્યાં. અરે..! ભગવાન! સમજાણું કાંઈ? બધાને એ ઉઠાવે છે. 'શાહુજી'એ 'દિલ્હી'માં ઉઠાવ્યું હતું. બારમી ગાથામાં આમ કહ્યું છે.

મુમુક્ષુ :- વ્યવહાર દેસિદા?

ઉત્તર :- શું લીધું છે? ટીકામાં શું કહ્યું છે? વ્યવહાર એ સમયે જે પર્યાયની અલ્પતા છે, અશુદ્ધતા છે એને તે કાળે તે પ્રકારમાં તે સમયને જાણવું પ્રયોજનવાન છે. આદરવામાં તો આ એક જ વસ્તુ છે. ત્રિકાળ વસ્તુ પરમદેવ ભગવાન. સમજાણું કાંઈ? પણ વ્યવહાર છે કે નહિ એને? કહે છે. કેમકે અપૂર્ણ દશા છે, હજી અશુદ્ધતા છે, શુદ્ધતાના અંશો વધે છે. અશુદ્ધતાના અંશો ઘટે છે. એ બધાનું તે તે કાળે જાણવું તે વ્યવહારનયને પ્રયોજનવાન કીધી છે. જાણવા લાયક માટે પ્રયોજન કીધું. આદરવા લાયક પ્રયોજનવાન છે (એમ નથી કહ્યું). આહાહા..! આવી વાતું પણ ભારે! 'શશીભાઈ'! ત્યાં તો એમ કહ્યું છે. ભાઈ! તને મોઘું લાગે પણ બાપા! એ પ્રભુ! તને તું મોંઘો લાગે! આહાહા..! તે ચીજ-વસ્તુ પડી છે. આહાહા..! પણ એ વાત લોકોને એવી લાગે. પંડિતોને .... આવશે. આહાહા..!

સંકલ્પ વિકલ્પ જે છે. આહાહા..! સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા થઈ ગઈ હતી. પહેલી થઈ ગઈ છે. અથવા આપણે આમાં પણ કહ્યું હતું. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એને પોતાના માનવા એ સંકલ્પ છે-મિથ્યાત્વ છે. આહાહા..! ભાવકર્મ અંદર જે વ્યવહારનો વિકલ્પ ઊઠે એ પુદ્ગલના પરિણામ કહીને એ તો નિષેધ કર્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- સંકલ્પ કરવો પણ ...

ઉત્તર :- સંકલ્પનું મિથ્યાત્વ છે. નથી કીધું ૧૦માં કળશમાં. નીચે લખ્યું છે. ૧૦મો કળશ છે ને? '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ...**' ભાવકર્મમાં રાગનો વિકલ્પ-વ્યવહાર આવ્યો. '**આદિ પુદ્ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી...**' એ શુભભાવ પણ ખરેખર પુદ્ગલ દ્રવ્ય છે. એ તો આપણે બપોરે ચાલે છે ને. એમાં '**પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...**' તે મિથ્યાત્વ છે. આહાહા..! '**અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.**' એ અનંતાનુબંધીની અસ્થિરતાનો વિકલ્પ છે. '**આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.**' આનાથી રહિત. આહાહા..!

'**નિર્વિકલ્પસમાધિકે...**' આહાહા..! આ વર્તમાન પ્રગટ પર્યાયની વાત છે, હોં! ભગવાન અનંત અવિનાશી સ્વભાવસ્વરૂપ દેવશક્તિ-પોતે દેવ છે. આહાહા..! એવા દેવને પામવામાં આવા સંકલ્પ-વિકલ્પો ઘાતક છે. આહાહા..! આવી વાત છે. 'જયંતિભાઈ'! લોકોને લાગે, બીજું શું થાય? ભાઈ! છતી ચીજ છે એને સમજવા માટે પરની શું અપેક્ષા? એમ કહે છે. સમજાય છે? છતો પ્રભુ પ્રગટ છે અંદર. એક સમયની પર્યાય વિનાનો જે પદાર્થ છતો છે તેને જાણવાને માટે પરની અપેક્ષા અછતાની કેમ હોઈ શકે? આહાહા..! આવું સ્વરૂપ છે.

ભગવાન! તારી મોટપ એટલી છે. એમ કહે છે. તારી મોટપ એટલી છે કે હીણી

અવસ્થાના આશ્રયે તું ન પમાય એવો તું છો. આહાહા..! વ્યવહારના વિકલ્પથી પણ તું ન પમાય એવી તારી મોટપ છે. એ મોટપને તેં હીણી કરી નાખી, ભાઈ! કે આ રાગની મંદતા વ્યવહાર હોય તો પમાય, બાપુ! મરી જઈશ તું, હોં! તું મોટપને મારી નાખે છે. નિર્વિકલ્પનો ઘાતક કીધું ને? આહાહા..! આવું છે આ, 'જયંતિભાઈ'! વાડાવાળાને તો આકરું બહુ લાગે. આહાહા..! 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' આ તો પંથ પરમાત્માનો છે. આહાહા..! બહુ સરસ વાત!

તું છતી ચીજ અનંતદેવ છો ને, પ્રભુ! પાઠમાં એમ કહ્યું ને? '**मुणि देउँ अणंतु**' આહાહા..! અવિનાશી સ્વભાવ 'શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ' શુદ્ધ ચેતનાસિંધુ. એક પર્યાય પણ નહીં અહીં તો. શુદ્ધ ચેતનાસિંધુ '**मुणि देउँ अणंतु**' એને તું જાણ. એ જાણવામાં વિઘ્ન કરનારા વિકલ્પો છે એ ઘાતક છે માટે એને છોડી દે. આહાહા..! 'દેવચંદજી'! વસ્તુ તો આવી છે. આહાહા..!

'**નિર્વિકલ્પસમાધિકે ઘાતક...**' આહાહા..! ભગવાન જે અનંત આનંદનો નાથ પ્રભુ, છતી વસ્તુ, છતી વસ્તુ સત્ સાહેબ. આહાહા..! સત્ સ્વરૂપે પ્રભુ બિરાજમાન (છે) એને પામવા માટે નિર્વિકલ્પ સમાધિનું કારણ છે. નિર્વિકલ્પ સમાધિથી તે પમાય છે. એ '**નિર્વિકલ્પસમાધિકે ઘાતક...**' આ વિકલ્પો શુભાદિ જે હોય, દેવ-ગુરુની ભક્તિ આદિ રાગ (એ ઘાતક છે). આહાહા..! પ્રભુ! તું છતી ચીજ છો ને. સત્ છો ને. સત્ છો ને. પરમ સત્ સાહેબ. એને પામવા માટે રાગની અપેક્ષા એને ન હોય. આહાહા..! એમ કહે છે. આહાહા..! આ તો સમજાય એવું છે, હોં! 'પ્રવિણભાઈ'! આહાહા..!

ભાષા કેવી કરી છે! '**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! અવિનાશી વસ્તુ.. વસ્તુ... વસ્તુ... 'વસ્તુ વ્હોરજો રે દોશીડાને હાટે.' ત્યાં વસ્તુ અંદર પડી છે, એમ કહે છે. આહા..! નિર્વિકલ્પ શાંતિ દ્વારા પ્રાપ્ત થાય એને જાણ. વચમાં વિકલ્પો આવે એ ઘાતક છે એને છોડી દે. આહાહા..! આકરી વાતું. લ્યો, આ બહુ આવ્યું તમારે 'ભાવનગર' રવિવારે આવો તો આવું આવે છે. 'મનસુખભાઈ'! આવું છે. આહાહા..!

ભાઈ! તું સત્સ્વરૂપ છો, પ્રભુ! સત્‌ને અસત્‌ના આશ્રયે પમાય એ કેમ હોઈ શકે? ભાઈ! આહાહા..! એ વિકલ્પો આદિ છે એ તો અસત્ સ્વરૂપ છે, ત્રિકાળની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભલે હો. આહાહા..! અને ખરેખર દેવ-ગુરુ-શાસ્ત્ર કે પંચમહાવ્રત એ ખરેખર પુદ્ગલના પરિણામ છે. પોતાની જાતના ક્યાં પરિણામ છે એ? આહાહા..! એવા વિકલ્પને અંતર સત્ સાહેબ પ્રભુ પામવામાં નિર્વિકલ્પ શાંતિના એ ઘાતક છે. આહાહા..! એને છોડ અને અનંતદેવને જાણ. જાણવું એ નિર્વિકલ્પ સમાધિ છે. એનાથી ... જાણ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું એટલે સંપ્રદાયને આકરું લાગે, હોં! બિચારાને. સોનગઢિયા આમ કરે. અરે..! બાપુ! રહેવા દે, ભાઈ! ઊંધી માન્યતાના ફળ, બાપા! આકરા પડશે, ભાઈ! સહન કરવા કઠણ પડશે. સમજાણું કાંઈ? આહાહા..!

સંતોએ અમૃતના સમુદ્ર રેડ્યા છે. આહાહા..! ભગવાન! તું કોઈ મહા ચીજ છો કે

નહિ? એમ કહે છે. આહાહા..! પરમ પદાર્થ મહા અનંત જેનો નાશ એવી ધ્રુવ ચીજ છે. આહાહા..! એને તું દેવ તરીકે જાણ. આહાહા..! જાણ એ પર્યાય નિર્વિકલ્પ સમાધિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને અહીં જાણમાં નાખી. એ રાગ અને વિકલ્પથી જણાય એવો આત્મા નથી. આહાહા..! ભાઈ! તારે ક્યાં જાવું છે? આહાહા..! ઝઘડા-ઝઘડા છોડ, પ્રભુ! બધું. દુનિયા ગમે તે કહે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું છે ને? દુનિયા નિંદા કરે. આ તો વ્યવહારનો નાશ કરે છે, વ્યવહારનો લોપ કરે છે. બાપુ! ભાઈ! વ્યવહારનો લોપ કર્યા વિના નિર્વિકલ્પ સમાધિ પ્રગટશે નહિ. આહાહા..! ઘાતક છે. સાધક નથી, ઘાતક છે. લે! આહાહા..!

ત્રણલોકનો નાથ મહા પરમાત્મસ્વરૂપ, સાક્ષાત્ સ્વરૂપ, જિનસ્વરૂપ. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! પૂર્ણ અવિકારી વીતરાગસ્વભાવનો પરમાત્મા ભાવવાળો એ અનંત છે. નાશ વિનાની ચીજ છે એમ કહેવું છે. આહાહા..! એવા દેવને તું મુણ.. આહાહા..! એને જાણ. એને જાણનો અર્થ જ એ કે વિકલ્પથી તે જણાય એવો નથી. આહાહા..! આવી વાતું. બાપુ! દુઃખી થયો છે, ભાઈ! અનંતકાળના દુઃખી, દુઃખી છે. હેરાન થઈ ગયો છે. એ આનંદના નાથને પહોંચવા માટે પ્રભુ, રાગ વિનાની નિર્વિકલ્પ શાંતિ-શ્રદ્ધા-જ્ઞાન કામ કરશે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રણલોકના નાથની આ વાણી છે. સંતો એ વાણીને.. સર્વજ્ઞના સ્વભાવની વાતું સંતો કરી ગયા. આહા..! ભાષા વાપરી છે. '**अनन्तम् देवम् मन्यस्व**' એ શબ્દમાં... આહાહા..! પ્રભુ! તું અવિનાશી પદાર્થ છો ને! ધ્રુવ વસ્તુનું અસ્તિત્વ એવું અનંત, એવા દેવને જાણ, માણ. આહાહા..! એને જાણવા માણવા માટે વ્યવહારના વિકલ્પો ઘાત કરનારા છે, તેને છોડ. જેને સાધક તેં કર્યા હતા એને અહીંયાં બાધક છે એમ કરીને છોડ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જેને પરમ આનંદ પ્રગટ કરવો છે અને જે પરમાનંદ પ્રગટ થઈને અનંત કાળ રહે એવી જેને મોક્ષ દશા પ્રગટ કરવી છે. ભાઈ! એના ઉપાયો તો અલૌકિક અને અચિંત્ય જ હોય. આહાહા..! આ સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા થઈ. આહાહા..!

જેમાં સંકલ્પ-વિકલ્પને પુદ્‌ગલના પરિણામ કહ્યા. વ્યવહારરત્નત્રયને તો પુદ્‌ગલના પરિણામ કહ્યા. એને તો પુણ્ય કહ્યું અને બીજી રીતે એને પાપ પણ કહ્યું. આહાહા..! 'પાપને પાપ સૌ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે' 'યોગસાર'માં છે. 'યોગસાર'માં આવે છે. આહાહા..! એ અહીં કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની ભક્તિ એ પુણ્યના વિકલ્પો છે... આહાહા..! હવે આ લોકો કહે છે કે ભક્તિથી પામે. ભગવાનની દેવની ભક્તિ કરો. પ્રભુ! માર્ગ જુદો, નાથ! તને સહેલો લાગતો હોય પણ એ નહિ મળે એ રીતે. આહાહા..!

અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો જે વિકલ્પ છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, હોં! આહાહા..! એ પણ નિર્વિકલ્પ સમાધિના ઘાતક છે. આહાહા..! એના તરફથી પડખું ફેરવ. અને ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની સમીપમાં નિર્વિકલ્પ દશાથી જા. આવી વાત છે, બાપા! ભગવાન બિરાજે છે અંદર, ભાઈ! છતી ચીજ છે. આહા..! આ લોકો એમ કહે દયા

કરો તો પમાય. અરે..! બાપા! એ તો ક્યાંય વાત રહી ગઈ, ભાઈ! તારી દયા કરે તો પમાય. દયા એટલે? પૂર્ણાનંદનો નાથ અસ્તિપણે છે તેને તે રીતે સ્વીકાર. એને રાગથી પમાય અને અલ્પપણું માનવું એ તો એની હિંસા છે, આહા..! એનો અનાદર છે. આહાહા..!

મુમુક્ષુ :- .. એ રીતે છે.

ઉત્તર :- તે રીતે છે.

આવો ઉપદેશ હવે. આમાં સભારંજન શી રીતે થાય? આહાહા..! બાપુ! લોકોને રંજન કરવા જાઈશ (તો) તારો આત્મા ઘાતક થઈ જશે. શાસ્ત્રમાં એ છે. 'અષ્ટપાહુડ'માં. 'અષ્ટપાહુડ'માં છે. ભાઈમાં તો બહુ છે, 'તારણસ્વામી'માં. લોકરંજન. લોકને ઠીક પડે એવી વાતું કર. મરી જઈશ. લોક રાજી થાશે કે આહાહા..! શું વાતું કરી! વ્યવહારથી પણ પમાય છે, આનાથી પણ પમાય છે. એકાંત કહે છે કે વ્યવહારથી નહિ. ઓલા રાજી-રાજી થાય. મરી જઈશ તું.

મુમુક્ષુ :- .. પમાય છે.

ઉત્તર :- ધૂળ. હા કહે ને એ બધી વાતું છે, ભાઈ! શું કરે? બાપા! અરેરે..! મિથ્યા પરિણામ, એનું ફળ ભાઈ! આકરું છે. સમજાણું કાંઈ? દુનિયામાં વર્તમાન લોકો માનશે. કારણ કે જે રાગના, વ્યવહારના રસિયા છે એને એ વાત સારી લાગે. આ અનેકાંત માર્ગ કહ્યો. જોયું! ઓલા તો કહે વ્યવહારથી પમાય નહિ... વ્યવહારથી પમાય નહિ... એકાંત કહેતા હતા. એય..! ભગવાન! સાક્ષાત્ પરમાત્માના વિરહ પડ્યા. પણ સાક્ષાત્ પ્રભુ છે એના પર્યાયમાં વિરહ પડ્યા. એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો પોતાની વાત કરે.

ઉત્તર :- હા, પોતાની. આહાહા..! ત્રણલોકના નાથ ભગવાન બિરાજે છે. એના તો વિરહ પડ્યા પણ પ્રભુ પૂર્ણાનંદનો નાથ સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, એને તું વિકલ્પનો આદર કરીને એનો વિરહ કર. ઘાત થાય છે, ભાઈ! આહાહા..! 'પ્રવિણભાઈ'! આવી વાતું છે, બાપા! આહાહા..! વસ્તુ આ છે, ભાઈ! દુનિયા માને ન માને. એને સંખ્યા ઝાઝી હોય ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. કે ઘણા માને. પંડિતાઈ એક કોર પડી રહી તારી. આહાહા..! સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કર તો તારા વિરહ છૂટશે, કહે છે. આહાહા..! પરમાત્મા બિરાજે છે એમાંથી તું ખસી ગયો છો. સંસાર કીધું છે. સંસરણ ઈતિ સંસાર. આહાહા..! ભગવાન મોક્ષસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે. એમાંથી ખસી ગયો છો તું. ખસીને વિકલ્પમાં આવી ગયો, પ્રભુ! ઘાત થઈ ગયો છે તારા સ્વનો. અને એનાથી તું માન કે વિકલ્પથી આત્માને લાભ થાય. પ્રભુ! અટકી જઈશ ત્યાં, હોં! નહિ જઈ શકે અંદર. જેનાથી લાભ માને એને કેમ છોડે?

મુમુક્ષુ :- મહિમા આવી.

ઉત્તર :- મહિમા આવી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ઓલા તો કહે કે દયા પાળો, વ્રત કરો, તપ કરો તો ધર્મ થશે. ઓલા વળી કહે જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! એ બધા વિકલ્પો છે, ભાઈ! અંતર નિર્વિકલ્પ સમાધિના એ ઘાતક છે. એને તું સાધક માન. ભાઈ! રખડી મરીશ.

આહાહા..! ન્યાં કોઈની સિફારિશ નહિ ચાલે. વસ્તુસ્થિતિ છે તેમ રહેશે. તું બદલવા માગ તો કાંઈ બદલી નહિ જાય. આહાહા..! બહુ સરસ ગાથા! ૨૩. 'મનસુખભાઈ'! બે જણ આવ્યા છે. 'હીરાલાલ' નથી? 'હીરાલાલ' નહિ હોય. બહારગામ છે.

'**હે પ્રભાકર ભટ્ટ,...**' 'યોગીન્દ્રદેવ' કહે છે, સંત કહે છે. આહાહા..! તું એ વિકલ્પને છોડ, પ્રભુ! ગમે તે જાતનો હો. આહાહા..! ભગવાનની ભક્તિનો હોય, ભગવાનને માનવાનો હોય. એને છોડ. એ પરસન્મુખની દશા છે. સ્વસન્મુખ જવાને માટે એ ઘાતક છે. આહાહા..! આમ દશા તરફ વળેલો વિકલ્પ, આમ દશામાં જવાને માટે ઘાતક છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજે કહ્યું છે, એમ કે '**દૂસરી જગહ ભી કહા હૈ.**' '**ઇન્દ્રિયોંમેં જીભ પ્રબલ હોતી હૈ,...**' ઇન્દ્રિયમાં રસની ગૃદ્ધિ પ્રબળ છે. એને જીતવી, કહે છે. '**જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમેં મોહ કર્મ બલવાન હોતા હૈ,...**' પરમાં સાવધાની એ જોરવાળું છે. '**પાંચ મહાવ્રતોંમેં બ્રહ્મચર્ય વ્રત પ્રબલ હૈ,...**' બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં રમવું. '**ઔર તીન ગુપ્તિયોંમેંસે મનોગુપ્તિ પાલના કઠિન હૈ.**' મનના વિકલ્પોને હઠાવી દઈને અંદર સ્વરૂપમાં ગુપ્ત થઈ જવું. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! '**યે ચાર બાતેં મુશ્કિલસે સિદ્ધ હોતી હૈં.**' લ્યો! આહાહા..! ૨૨ થઈને એ?

---

**अथ वेदशास्त्रेन्द्रियादिपरद्रव्यालम्बनाविषयं च वीतरागनिर्विकल्पसमाधिविषयं च परमात्मानं प्रतिपादयन्ति –**

**२३) वेयहिँ सत्थहिँ इंदियहिँ जो जिय मुणहु ण जाइ।**
**णिम्मल–झाणहँ जो विसउ सो परमप्पु अणाइ।।२३।।**

वेदैः शास्त्रैरिन्द्रियैः यो जीव मन्तुं न याति।
निर्मलध्यानस्य यो विषयः स परमात्मा अनादिः।।२३।।

**वेदशास्त्रेन्द्रियैः कृत्वा योऽसौ मन्तुं ज्ञातुं न याति। पुनश्च कथंभूतो यः। मिथ्याविरतिप्रमादकषाययोगाभिधानपञ्चप्रत्ययरहितस्य निर्मलस्य स्वशुद्धात्मसंवित्ति–संजातनित्यानन्दैकसुखामृतास्वादपरिणतस्य ध्यानस्य विषयः। पुनरपि कथंभूतो यः। अनादिः स परमात्मा भवतीति हे जीव जानीहि। तथा चोक्तम् –''अन्यथा वेदपाण्डित्यं शास्त्रपाण्डित्यमन्यथा। अन्यथा परमं तत्त्वं लोकाः क्लिश्यन्ति चान्यथा।।'' अत्रार्थभूत *एवं शुद्धात्मोपादेयो अन्यद्धेयमिति भावार्थः।।२३।।**

---

आगे वेद, शास्त्र, इन्द्रियादि परद्रव्योंके अगोचर और वीतराग निर्विकल्प समाधिके गोचर (प्रत्यक्ष) ऐसे परमात्माका स्वरूप कहते हैं –

**गाथा – २३**

अन्वयार्थ :– [ वेदैः ] केवलीकी दिव्यवाणीसे [ शास्त्रैः ] महामुनियोंके वचनोंसे तथा [ इन्द्रियैः ] इन्द्रिय और मनसे भी [ यः ] जो शुद्धात्मा [ मन्तुं ] जाना [ न याति ] नहीं जाता है अर्थात् वेद, शास्त्र – ये दोनों शब्द अर्थस्वरूप हैं, आत्मा शब्दातीत है, तथा इन्द्रिय, मन विकल्परूप हैं और मूर्तीक पदार्थको जानते हैं, वह आत्मा निर्विकल्प है, अमूर्तीक है, इसलिए इन तीनोंसे नहीं जान सकते। [ यः ] जो आत्मा [ निर्मलध्यानस्य ] निर्मल ध्यानके [ विषयः ] गम्य है, [ स ] वही [ अनादिः ] आदि–अंतरहित [ परमात्मा ] परमात्मा है।

भावार्थ :– मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय, योग–इन पाँच तरह आस्रवोंसे रहित निर्मल निज शुद्धात्मके ज्ञानकर उत्पन्न हुए नित्यानंद सुखामृतका आस्वाद उस स्वरूप परिणत निर्विकल्प अपने स्वरूपके ध्यानकर स्वरूपकी प्राप्ति है। आत्मा ध्यानगम्य ही है, शास्त्रगम्य नहीं है, क्योंकि जिनको शास्त्र सुननेसे ध्यानकी सिद्धि हो जाए, वे ही आत्माका अनुभव कर सकते हैं। जिन्होंने पाया, उन्होंने ध्यानसे ही पाया है, और शास्त्र सुनना तो ध्यानका उपाय है, ऐसा समझकर अनादि अनंत चिद्रूपमें अपना परिणमन लगाओ। दूसरी जगह भी 'अन्यथा' इत्यादि कहा है। उसका यह भावार्थ है, कि वेद शास्त्र तो अन्य तरह ही हैं, नय प्रमाणरूप हैं, तथा ज्ञानकी पंडिताई कुछ और ही है, वह आत्मा निर्विकल्प है, नय–प्रमाण–निक्षेपसे रहित है, वह परमतत्त्व तो केवल आनन्दरूप है, और ये लोक अन्य ही मार्गमें लगे हुए हैं, सो वृथा क्लेश कर रहे हैं। इस जगह अर्थरूप शुद्धात्मा ही उपादेय है, अन्य सब त्यागने योग्य हैं, यह सारांश समझना।।२३।।

---

હવે વેદ, શાસ્ત્ર ઇન્દ્રિયાદિ પરદ્રવ્યના અવલંબનને અગોચર અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિને ગોચર પરમાત્માનું સ્વરૂપ કહે છે :

કહ્યું પણ છે કે : १'अन्यथा वेदपाण्डित्यं शास्त्रपाण्डित्यमन्यथा। अन्यथा परमं तत्त्वं लोकाः क्लिश्यन्ति चान्यथा।।'

અર્થ : વેદપાંડિત્ય અન્ય પ્રકારે છે, શાસ્ત્રપાંડિત્ય અન્ય પ્રકારે છે, લોકો અન્ય પ્રકારે ક્લેશ (કષ્ટ) કરે છે અને પરમાત્મા કોઈ અન્ય પ્રકારે છે.

અહીં અર્થભૂત શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ હેય છે એવો ભાવાર્થ છે. ૨૩.

---

૧. જુઓ યશસ્તિલક ૫-૨૫૧ પાઠાન્તર :- एव–एवं

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

૨૩. '**આગે વેદ, શાસ્ત્ર, ઈન્દ્રિયાદિ પરદ્રવ્યોંકે અગોચર ઔર વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે ગોચર (પ્રત્યક્ષ) ઐસે પરમાત્માકા સ્વરૂપ કહતે હૈં–**'

**२३) वेयहिं सत्थहिं इंदियहिं जो जिय मुणहु ण जाइ।**

**णिम्मल–झाणहँ जो विसउ सो परमप्पु अणाइ।।२३।।**

આહાહા..! એ પરમાત્મા ચિદાનંદ પ્રભુ એક સમયની પર્યાય વિનાની ચીજ જે છે એ કેવળીને દિવ્યધ્વનિથી જાણી શકાય નહિ એવી ચીજ છે. છે? એમાં છે કે નહિ? વેદ એટલે વીતરાગની વાણી. ઓલા (અન્મતના) વેદ નહિ. આહાહા..!

**અન્વયાર્થ :–** '**કેવલીકી દિવ્યવાણીસે...**' આહાહા..! અને '**મહામુનિયોંકે વચનોંસે...**' પહેલા દેવની વાણી લીધી, પછી ગુરુની લીધી. બેયથી આત્મા સમજાય એવો નથી, કહે છે. આહાહા..! ઓલામાં આવ્યું ને કે ભાઈ! ભગવાનને સાંભળવા એ પણ ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! જેમ સ્ત્રી વિષય છે એમ વાણી વિષય છે. કાળા કેર કરી નાખ્યા, એમ એ લોકો કહે છે. ભગવાન! સાંભળને, ભાઈ! એ વાણી ઉપર લક્ષ જાય ત્યારે તેને રાગ થાશે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે... આહાહા..! અને એ વાણી સાંભળી અને અહીંયાં જ્ઞાનનો પર્યાય થયો એ તો પોતાથી થયો છે, એનાથી નહિ, એ જ્ઞાન એ જ્ઞાન નહિ. એ પરસત્તા અવલંબી જ્ઞાન (છે), એ જ્ઞાન નહિ. આહાહા..!

વીતરાગની વાણી કાને પડી અને તે કાળે પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી થઈ. છતાં તે પર્યાય વાસ્તવિક જ્ઞાન નહિ. એ પર્યાય–જ્ઞાનની પર્યાય બંધનું કારણ છે. આહાહા..! પરસત્તાવલંબી છે. આહાહા..! એ વાણી અને વાણીના જ્ઞાનથી પોતે પમાય એવો નથી એમ કહે છે. આહાહા..! ઓલામાં કહ્યું છે ને? બુદ્ધિ શાસ્ત્રમાં જાય તો એ વ્યભિચારિણી છે. 'પદ્મનંદી પંચવિંશતિઃ' ભાઈ! પર તરફનો ઝુકાવ એ વ્યભિચાર છે. આહાહા..! પર પદાર્થના સંગમાં વૃત્તિ ગઈ એ વ્યભિચાર છે. આહાહા..! સ્વ તરફમાં જવા માટે વીતરાગની વાણી અને ગુરુની વાણી કામ ન કરે, કહે છે. છે?

'**મુનિયોંકે વચનોંસે તથા ઈંદ્રિય ઔર મનસે ભી...**' ઈન્દ્રિય અને મનથી પણ '**શુદ્ધાત્મા જાના નહીં જાતા હૈ,...**' આહાહા..! ભગવાને, વાણીને પણ ઈંદ્રિય કહી છે. 'સમયસાર'૩૧ ગાથા. '**इंदियं जिणिता**' દ્રવ્યઈન્દ્રિય, ભાવઈન્દ્રિય અને તેનો વિષય, તે તરફનું લક્ષ છોડી દે. એનાથી નહિ મળે. આ વાત આકરી પડે માણસને. ભગવાનની દિવ્યધ્વનિથી લાભ ન થાય. એય...! આહાહા..! મહા ગણધરોની શાસ્ત્રની રચના અર્થરૂપ. અર્થરૂપ ભગવાને કહ્યું. અને શ્રુતરૂપ રચ્યું ગણધરે. તેથી બે શબ્દ છે અંદર, જુઓ! '**અર્થાત્ વેદ, શાસ્ત્ર, યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈં,...**' છે ને ? શબ્દ અને અર્થ સ્વરૂપ છે ને એ? વેદ એટલે વાણી અને શાસ્ત્ર. ખરેખર દિવ્યધ્વનિની વાણી શબ્દો સૂત્રરૂપ છે. અને ગણધરોએ

એના અર્થ રચ્યા છે. એ અર્થરૂપ છે. દિવ્યધ્વનિ અર્થરૂપ છે અને શાસ્ત્રો રચ્યા તે શબ્દરૂપ છે. આહાહા..! સૂત્રરૂપ છે. શું કીધું ઈ?

દિવ્યધ્વનિમાં અર્થરૂપ વાત આવે છે અને શાસ્ત્ર રચે એ સૂત્રરૂપ છે. એ સૂત્રરૂપ કે અર્થરૂપ બેયથી આત્મા જણાય એવો નથી, કહે છે. આહાહા..! એવો ભગવાન નિરપેક્ષ વસ્તુ છે, છતી ચીજ છે. આહાહા..! સત્ છે તેને આવા અસત્‌ના આશ્રયની જરૂર નથી. આહાહા..! એનાથી અસત્ આશ્રયથી સત્ જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આવું આકરું લાગે ને માણસને. માણસને અભ્યાસ નહિ. સત્ય શું છે એની (ખબર નહિ) અને ઉપરથી એકદમ ગોળા મારવા. વ્યવહારથી પમાય છે, વ્યવહાર પહેલો હોય, વ્યવહાર નિસરણી છે, અશુભ ટાળે પછી શુભ આવે પછી શુભ ટાળીને પછી શુદ્ધ થાય. એની નિસરણી છે એ. એક જણ એમ કહેતો હતો. અરે..! ભગવાન! એ શુભને પણ છોડવાની વાત છે અહીં તો. સાધન છે તો છોડવાનું કેમ કહે? આહાહા..! વ્યવહારનો વિકલ્પ જેટલો છે એ નિશ્ચય સ્વભાવને આશ્રયે થતી નિર્વિકલ્પ સમાધિ, તેની એ ઘાતક છે. માટે વાણી ને અર્થથી કે અર્થ ને શબ્દથી (પમાય નહિ). આહાહા..! 'સમયસાર'માં એમ કહ્યું ૪૧૫ ગાથા. છેલ્લી અર્થ. અર્થમાં પછી અર્થ આ તું. આ નહિ. ૪૧૫ ગાથા છે. 'સમયસાર'ની. આહાહા..! શબ્દ ને અર્થથી જાણીને અર્થમાં ઠર. ભગવાન, એ અર્થ છે ત્યાં, હોં! આહાહા..!

**'વેદ, શાસ્ત્ર, યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈં, આત્મા શબ્દાતીત હૈ,...'** ભગવાન તો શબ્દથી અતીત છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉપદેશ તો શબ્દથી અપાય છે.

ઉત્તર :- કોણ કરે ઉપદેશ? બાપુ! એ તો બધી વાતું છે. તેથી કાલે નાખ્યું હતું ને? એ પરખનો અર્થ શું એ કીધું ભાઈએ. નિમિત્તપરખ. શબ્દ જોયો હતો ભાઈએ. ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તપરખ ... કરે છે. ઘોર નિમિત્તનો આશ્રય લે છે. અરે..! ભગવાન! એમ કે આવા મકાનો બનાવી અને નિમિત્ત દ્વારા લોકોને ખેંચવા છે. ઉપાદાન... એમ કહે. અરે..! પ્રભુ! ભગવાન! ભાઈ! એને આકરા પડશે, બાપા! અને આ શિક્ષણ શિબિર કાઢવા, ધર્મચક્ર કાઢવા, આ પંડિતો જ્યાં ત્યાં જઈને ભાષણો આપે, 'ધન્નાલાલજી'ને એ બધા. અમે પૂછીએ એનો જવાબ વાણી દ્વારા તમે આપો છો. તો વાણીનો આશ્રય લીધો કે નહિ? નિમિત્ત દ્વારા તમારે કામ કરવું અને કહેવું કે નિમિત્તથી કાંઈ થાય નહિ. એ ક્યાં (વાત) છે? આહાહા..! જ્યાં વિકલ્પ જેમાં નથી ત્યાં વળી વાણી ક્યાંથી આવી? વાણીને કાળે વાણી નીકળે, પ્રભુ!

અરે..! પ્રભુ! આકરું બાપા! શું થાય? આહાહા..! મિથ્યાત્વનું (ફળ) આકરું છે, બાપા! નિગોદ કહ્યું છે, ભાઈ! એક જણો કહેતો હતો. 'કુંદકુંદાચાર્ય' એવું કહે, એનું ન માને એ નિગોદમાં જશે એમ કહે. અરે..! ભગવાન! અરે..! તું એમ ન કહે, ભાઈ! એમ કે એ એમ કહે છે કે 'કુંદકુંદાચાર્ય'નું ન માને એને એ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે નિગોદમાં જાશો, એમ કહે છે. ભાઈ! તું ખેંચતાણ ન કર. આહાહા..! ... પમાય નહિ? કહે છે કે, શાસ્ત્ર સાંભળવું એ

તો જ્ઞાનનો ઉપાય નિમિત્ત લક્ષમાં આવ્યું એટલું. બાકી એનાથી આત્મા પમાય છે (એમ નથી). આહાહા..! વાણી જડ પુદ્ગલની પર્યાય, તદ્ વિકારો નથી આવ્યું? 'નિયમસાર'. તદ્ વિકારો. 'અષ્ટપાહુડ'. શબ્દનો વિકાર છે એ વાણી તો. આહાહા..! છેલ્લી ગાથા. 'ભાવપાહુડ' કે 'બોધપાહુડ' બેમાંથી એક છેલ્લીમાં છે. એનાથી પમાય એવું નથી. આહાહા..!

**'આત્મા શબ્દાતીત હૈ, તથા ઈન્દ્રિય, મન વિકલ્પરૂપ હૈં,...'** હવે એનાથી રહિત. **'ઔર મૂર્તીક પદાર્થકો જાનતે હૈં, વહ આત્મા નિર્વિકલ્પ હૈ,...'** આહાહા..! એ **'અમૂર્તીક હૈ, ઈસલિયે ઈન તીનોંસે નહીં જાન સકતે.'** શબ્દથી, અર્થથી અને મનના સંકલ્પ અને ઈન્દ્રિયથી, એનાથી આત્મા જણાય એવો નથી. આહાહા..! **'જો આત્મા નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** આહાહા..! જુઓ લ્યો! **'નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** નિર્મળ અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને ઈ ગમ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આના ગમ્ય નહિ તો આના ગમ્ય છે એમ કીધું ને? **'निर्मलध्यानस्य यो विषयः'** આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાયનો વિષય એ વસ્તુ છે. આહાહા..! **'વહી આદિ અંત રહિત પરમાત્મા હૈ.'** એને અમે પરમાત્મા કહીએ છીએ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૦, સોમવાર
## તા. ૨૧-૦૬-૧૯૭૬, ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન નં. ૧૪

'પરમાત્મપ્રકાશ' ૨૩ ગાથા. અહીં સુધી આવ્યું છે. **'વહ આત્મા નિર્વિકલ્પ હૈ, અમૂર્તિક હૈ, ઈસલિયે ઈન તીનોંસે નહીં જાન સકતે.'** ત્રણ કોણ? મન, ઈન્દ્રિય અને શબ્દ. ત્રણથી આત્મા જાણવામાં આવે એવો નથી. આવો છે. **'જો આત્મા નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** આહાહા..!

મુમુક્ષુ :- મન તો મૂર્તિક અમૂર્તિક બધાને જાણે.

ઉત્તર :- એ અહીં નહીં. એ વિકલ્પ નહિ. અહીંયાં તો નિર્વિકલ્પ ચૈતન્યના ધ્યાનથી આત્મા પ્રાપ્ત થાય. શબ્દથી, મનથી નહિ, ઈન્દ્રિયથી નહિ. આહાહા..! વ્યવહારના વિકલ્પથી પણ નહિ, મનના સંબંધે વિકલ્પ ઊઠે એનાથી પણ નહિ. એનાથી એ થઈ ગયો વ્યવહાર. એ તો અતીન્દ્રિય નિર્વિકલ્પ ધ્યાન ગમ્ય છે. આહાહા..! આ વાત. છે? **'નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'**

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- આ આત્મા.

મુમુક્ષુ :- કોનો?

ઉત્તર :- પોતાનો. આહાહા..!